જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૧૨/૨૦૨૧ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૯૫/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૨૭ | ૦ | ૧૧૭૨૭ | ૧૭૮૩૭ | ૦ | ૧૭૮૩૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૨ | ૦ | ૧૨૨ | ૩૯૭ | ૦ | ૩૯૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૪૪૧૯ | ૩૦ | ૭૪૪૪૯ | ૭૫૫૧૯ | ૩૩ | ૭૫૫૫૨ |
| કુલ | | ૯૧૦૦૧ | ૩૦ | ૯૧૦૩૧ | ૧,૦૦,૦૩૫ | ૩૩ | ૧,૦૦,૦૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | **MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ** |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦ | ૩,૬૭,૮૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૫૩ | ૪,૫૩,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી તથા મિલકત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારી તથા લુંટના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે સુકીત ઉર્ફે સુખીત દિનેશભાઈ જાતે બારોટ ઉ.વ.૨૨ રહે. બ્લોક નં. ૯૭/૨૩૨૩ ગુ.હા.બોર્ડ મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૩૦૫૮/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૬૦/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૨૬,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૧)આર, ૩(૨)(૫-અ) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-બી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૦૧૦૩/૨૧ ઈ.પી.કો કલમ ૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૦૧૩૮/૨૧ ઈ.પી.કો કલમ ૩૩૭,૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ તથા નં.(૫) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૯૮/૨૦૨૧ તા.૦૨/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૨/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૨/૧૨/૨૦૨૧

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ (૨) મ.સ.ઈ દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં. ૭૬૨૦

(૩) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦ (૪) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૬/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૪૭૦/- અને જુગારના સાધનો **કબજે કર્યા** હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૭/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૮/૨૦૨૧</u>**

**સાયબર ક્રાઇમઃ** કપિલભાઇ કૈલાશભાઈ ગૌડ (ઉ.વ.૨૭)(રહે.રાધિકા વિહાર, પંજાબ નેશનલ બેંક સામે બાપા સીતારામ ચોક નવા નરોડા) એ તા.૦૨/૧૨/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કપિલભાઇને મોબાઇલ નંબર ૯૦૬૧૧૧૪૨૪૪ ના ધારકે કોલ તેમજ મેસેજ કરી પોતે ગોલ્ડમેન સાસા એનાલેટીક તરીકે નોકરી કરતા હોવાની ઓળખ આપી, કપિલભાઇને "ઓનલાઈન ડીજીટલ ગોલ્ડ ટ્રેડીંગ" માં સારો નફો મળશે તેવી લાલચ આપી આ ટ્રેડીંગ કરવા "difiney" નામની એપ્લીકેશનમાં કપિલભાઇનુ એકાઉન્ટ બનાવડાવી, ઓનલાઇન ગોલ્ડનું ટ્રેડીંગ કરવા એપ્લીકેશનમાં કપિલભાઇ પાસેથી પ્રથમ ૧,૨૫,૫૦૦/- નું રિચાર્જ કરાવડાવી, તે રોકાણ બદલ કપિલભાઇને ૪૩ લાખ જેટલો નફો થયેલ છે તેવુ એપ્લીકેશના એકાઉન્ટમાં "માય બેલેન્સ" તરીકે બતાવી, કપિલભાઇને વિશ્વાસમાં લેતા, કપિલભાઇએ રોકાણ કરેલ નાણા તેમજ નફો વિડ્રો કરવા પ્રયત્ન કરતા, નાણા વિડ્રો નહી થતા, કપિલભાઇએ મોબાઇલ ફોન ઉપર સંપર્ક કરતા તે નાણા ઉપાડવા પેટે કપિલભાઇ પાસેથી થયેલ નફાની ૧૦% રકમ સિક્યુરીટી પેટે કુલ રૂપિયા ૪,૩૧,૬૨૮/- કપિલભાઇ પાસેથી એચ.ડી.એફ.સી બેંકના એકાઉન્ટ નંબર-૫૦૨૦૦૦૬૧૨૩૦૧૬૮ માં ભરાવડાવી, ત્યારબાદ બાદ પણ ભરેલ રકમ કે નફો વિડ્રો નહી થતા ફરીથી નાણા ભરવાનુ કહેતા કપિલભાઇ પાસેથી ટુક્ડે-ટુક્ડે કુલ રૂપિયા ૫,૫૭,૧૨૮/- આજદિન સુધી ગોલ્ડ ટ્રેડીંગના નામે ઇન્વેસ્ટમેન્ટ કરવાના બહાને મેળવી લઈ ભરેલ નાણા કે નફો પરત નહી આપી કપિલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** વનરાજસિહ ગણપતસિહ રાઠોડ (ઉ.વ.૩૪)(રહે.શ્રીદર્શન એપાર્ટમેન્ટ, વિશ્વકર્મા મંદિર સામે ચાંદલોડીયા) એ તા.૦૨/૧૨/૨૦૨૧ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૮/૨૦૨૧ થી તા.૦૧/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ચાંદલોડીયા સત્વ એલીગન્સ કોમર્શીયલ, ઓફીસ નં-૫ "વિનટાઇમ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ" ખાતે આરોપી આદિનાથ ટ્રેડીંગ કંપનીના માણસ (૧) અરૂણ ઉર્ફે પેરીસુદી પી. (રહે. ગામ-નાથાગૌડા ન પલયમ જી-ઇરોડ રાજય-તામીલનાડુ (૨) વિવેક બાફના (રહે. બ્રીન્થસ્ટ્રીટ, કોટ્ટઇ ઇરોડ શહેર, તામીલનાડુ) અને આદિનાથ ટ્રેડીંગ કંપનીના પ્રોપરાઇટર (૩) તુલસીદાસ (રહે.એવન્યુ ટીચર્સ કોલોની કોરામંગલા પહેલો બ્લોક બેગ્લોર કર્ણાટક) (મુળ રહે.ગામ-તહરા પોસ્ટ-પ્રેમનગર જી-મથુરા (ઉત્તરપ્રદેશ) એ ભેગામળી વનરાજસિંહને વિશ્વાસમાં લઇ "આદિનાથ ટ્રેડીંગ કંપની" ના નામે માલ ખરીદી, તે માલ પેટેના લેણા રૂપિયા ૨૨,૯૭,૫૪૩/- નહી ચુકવી, વનરાજસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વિ.કે.મકવાણા ચલાવે છે.

**આનંદનગરઃ (૧)** મહેબુબખાન યુસુફખાન પઠાણ (ઉ.વ.૫૭)(રહે. યુનાઇટેડ એપાર્ટમેન્ટ, દયાનંદ સોસાયટી પાસે, જુહાપુરા) એ તા.૦૨/૧૨/૨૦૨૧ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ડીસેમ્બર/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર દેવ ઓરમ બીલ્ડીંગના પાંચમા માળે ઓફીસ નંબર-સી/૫૦૯ "અચીવીયા ઇન્ટરનેશનલ" નામની કંપની ખાતે આરોપી (૧) મનોજ શર્મા ઉર્ફે નમનકુમાર રાણા (રહે. ન્યુ પાથ કેરીયલ સોલ્યુશન ઓફીસ નં-૫૨૩ પાંચમો માળ આઇ સ્ક્વેર કોપોરેટ પાર્ક સાયન્સ સીટી રોડ) (૨) ચંદન શર્મા ઉર્ફે મોહન સધુ (રહે. લીગમજી એફ.પી.૧૧૫, કારેલીબાગ સાયજીપુરા પાણીની ટાંકી પાસે વડોદરા) અને (૩) રાહુલ ઉફે બિશ્વદિપ બિનોય (રહે.પાંચમા માળ, ન્યુ પાર્થ કેરીયર સોલ્યુસન પ્રા.લી. આઇસ્કેવર ક્રપોરેટ પાર્ક શુકન ચાર રસ્તા સાયન્સ સીટી) એ ભેગા મળી મહેબુબખાનના કેનેડાના ગ્રાહક-૩ અને નોંવેના ગ્રાહક-૨૫ મળી કુલ ૨૮ ગ્રાહકો પાસેથી વર્ક પરમીટ વીઝા અપાવવા સારૂ એડવાન્સ પેટે કુલ રૂપિયા ૫૮,૫૦,૦૦૦/- મેળવી લઇ, વર્ક પરમીટ કે વિઝા નહી અપાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી મહેબુબખાનની કંપની તથા તેમના ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.રોય ચલાવે છે.

**આનંદનગરઃ (૨)** ઉત્તમભાઇ રેવતચંદ ભંડારી (ઉ.વ.૫૬)(રહે.સંકલ્પગ્રેસ-૨હીરા રૂપા હોલ પાસે ઇસ્કોન આંબલી રોડ સેટેલાઇટ) એ તા.૦૨/૧૨/૨૦૨૧ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે નવેમ્બર/૨૦૧૭ થી જુલાઇ/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર પ્રહલાદનગર ગાર્ડન પાસે કોર્નર-૩ માં આવેલ ઓફીસ નંબર-૩૦૩ ખાતે આવેલ ઉત્તમભાઇની કંપનીમાં કામ કરતા આરોપી ખુશાલ રમણીકલાલ પટેલ (રહે.ઉસ્તવ ફ્લેટ્સ, બોમ્બે મોટર્સ સામે વટવા) એ સદર કંપનીમાં ફ્લાઇટ અને રેલવેની ટિકિટો ખોટી અને બનાવટી બનાવી તેના બુકિંગ ID, પેસેન્જરનું નામ, પ્રવાસની તારીખ તથા અન્ય વિગતો ખોટી રીતે ભરી, બનાવટી ટીકીટ કંપનીમાં રજુ કરી ક્રેડીટ કાર્ડથી કંપનીના H.R પાસે રહેલા મોબાઇલ ફોન ઉપર આવેલ OTP મેળવી, તે પેમેન્ટના કુલ રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- પોતાના ખાતામાં પેટીએમથી મેળવી લઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૯/૨૦૨૧**

**ચાંદખેડાઃ** પ્રકાશભાઇ ચિમનલાલ પરમાર (રહે.હરીમંદિર સોસાયટી, વિસતમાતા મંદિર પાછળ, આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૧ રાતના ૯/૩૦ થી તા.૦૨/૧૨/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા ન્યુ કમલકુંજ કોમ્પલેક્ષમાં આવેલ દુકાન નંબર-૨૨ ના શટરનું તાળુ તોડી દુકાન નંબર ૨૨ તથા ૨૧ ની કોમન દિવાલમાં બાકોરૂ પાડી અજાણી વ્યક્તિ દુકાન નં-૨૧ "ગજાનંદ જ્વેલર્સ" માં પ્રવેશ કરી, સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૦/૨૦૨૧**

**કૃષ્ણનગરઃ** દેવેન્દ્રસિંગ દલેરસિંગ ભક્તાના (ઉ.વ.૬૨)(રહે.સ્વાગત બંગ્લોઝ, સાકાર સ્કુલ પાસે, ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૨/૧૨/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઠક્કરનગર ચમક ચુનાની સામે, ને.હા.નં-૮ ઉપર બે મોટરસાયકલ પર આવેલા ચાર અજાણ્યા પુરૂષ દેવેન્દ્રસિંગની નજર ચુકવી દેવેન્દ્રસિહની કારનો દરવાજો ખોલી, કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૩૬,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૧/૨૦૨૧**

**સાબરમતીઃ** શેલજાબહેન વા/ઓ હદયભાઇ વ્યાસ (ઉ.વ.૨૪)(રહે.કિષ્ણાનગર સોસાયટી મિલન સિનેમા રોડ, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન સાબરમતી બાદલાણી સાહેબના દવાખાના ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નરોડા ફીનીક્સ હોસ્પીટ્લમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૮/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એલ" ડીવીજન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.